# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫૬, તા.૦૮-૧૧-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- વધ પરત બદલી કેમ્પના આયોજન બાબત.

સંદર્ભઃ- ૧. ગુજરાત સરકાર શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક(ભાગ-૧) , તા. ૧૧-૦૫-૨૦૨૩

૨. ગુજરાત સરકાર શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક(ભાગ-૧) , તા. ૦૮-૦૮-૨૦૨૪

૩. ક્રમાંકઃ પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૪/૧૯૭૦-૨૦૨૧, તા. ૦૬-૧૧-૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકોને ઉપરોક્ત વિષય અને સંદર્ભિતપત્ર અન્વયે જણાવવાનું કે, સંદર્ભ-(૩) વાળા પત્રથી પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી દ્વારા વધ પરત બદલી કેમ્પ કરવા અંગેની સુચના મળેલ છે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા પ્રાથમિક શિક્ષકો પૈકી જે શિક્ષકોની તા. ૨૦-૧૦-૨૦૨૨ તથા ત્યારબાદના વધ- ઘટ બદલી કેમ્પમાં વધના કારણોસર બદલી થયેલ છે તેવા શિક્ષકોનો વધ પરત બદલી કેમ્પ સંદર્ભ-(૧) અને (૨) ના ઠરાવની જોગવાઈ મુજબ તા.૧૧-૧૧-૨૦૨૪ ના રોજ ૧૨: ૦૦ કલાકે એલિસબ્રિજ શાળા નં.૨, કર્ણાવતી પગરખાં બજાર, પાલડી ખાતે રાખેલ છે. આવા વધના શિક્ષકો વધ પરત જવા માંગતા હોય તો તા. ૦૯-૧૧-૨૦૨૪ના રોજ તમારા ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રીને આ સાથે સામેલ નિયત નમુનાના પત્રક જરૂરી આધાર પુરાવા સાથે અરજી કરવા જણાવવામાં આવે છે.

- દરેક શિક્ષકે ફાળવેલ સમયથી ૧૫ મિનીટ પહેલાં બિનચૂક રીતે ઉપસ્થિત રહેવું.
- દરેક શિક્ષકે વધ, મૂળ શાળા / ઝોનમાં પરત જવા માટેની નમુના મુજબની અરજીની એક નકલ તથા જરૂરી આધાર પુરાવા પોતાની સાથે રાખવાના રહેશે.
- કોઈપણ બીન અપેક્ષિત વ્યક્તિ કેમ્પના સ્થળે હાજર રહી શકશે નહી.

બિડાણઃ- નિયત નમૂનાના પત્રક

તા.૦૮-૧૧-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઈ

શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પ્રમાણપત્ર

(મૂળ શાળા/ ઝોનમાં પરત આવવા માટે)

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી ............................................ની વધના શિક્ષક તરીકે.......................... શાળા નં......... ઝોન............... ખાતેથી તેઓની બદલી અત્રેના .....................ઝોનની ........................... શાળા નં..................માં થતાં તેઓ .......................... રોજ ફરજ ઉપર હાજર થયેલ છે. જેની રેકર્ડ આધારે ખાત્રી કરી આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

(તેઓની '' વધ મુળ શાળા / ઝોનમાં પરત જવા માટેની અરજી'' તથા બદલી આદેશની નકલ સામેલ છે.)

તારીખઃ મુખ્ય શિક્ષકના સહી અને સિક્કા મદદનીશ શાસનાધિકારીના

સ્થળઃ સહી અને સિક્કા

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**વધ મુળ શાળા/ ઝોનમાં પરત જવા માટેની અરજી**

(૧) શિક્ષકનું નામઃ

(૨) હાલની શાળાનું નામઃ

(૩) પે કેન્દ્રનું નામઃ

(૪) ઝોનઃ

(૫) જન્મ તારીખઃ

(૬) હાલની શાળામાં દાખલ તારીખઃ

(૭) ખાતામાં દાખલ તારીખ

(૮) વિભાગ (પ્રાથમિક કે ઉચ્ચ પ્રાથમિક)

(૯) જો ઉચ્ચ પ્રાથમિક હોય તો વિષય (ભાષા, ગણિત, સા.વિ.)

(૧૦) જે શાળામાંથી વધ પડી તે શાળાની વિગત

- શાળાનું નામ - પે સેન્ટરનું નામ - ઝોન
- જે શાળામાંથીવધ પડી તે શાળામાં હુકમ તારીખઃ - ખાતામાં દાખલ તારીખ

મારી ઉપર મુજબની વિગતો અનુસાર હું વધ/ હાલના સ્થળે ફરજ બજાવું છું અને વધ પરત કેમ્પમાં હું સરકારશ્રીના વખતો વખતના ઠરાવની જોગવાઈ અનુસાર હું મૂળ શાળા / ઝોનનો લાભ લેવા માગું છું. તો મને સરકારશ્રીના વખતો વખતના ઠરાવની જોગવાઈ અનુસાર મૂળ શાળા / ઝોન પરતનો લાભ આપવા વિનંતી છે. અને સરકારશ્રીના ઠરાવની જોગવાઈ મને બંધનકર્તા રહેશે.

શિક્ષકની સહી :....................................

તારીખઃ..........................

---

ઉપરની વિગતો અમોએ શિક્ષકશ્રીના રેકર્ડ આધારે ચકાસણી કરેલ છે. જે તમામ વિગતો સાચી છે.

મુખ્ય શિક્ષકની સહી અને સિકકો મદદનીશ શાસનાધિકારીની સહી અને સિકકો

તારીખઃ-

બિડાણઃ-

૧. વધ બદલી હુકમની નકલ

૨. હાજર અને છુટા થયાના રિપોર્ટની નકલ

૩. નિયત નમુનાનું પ્રમાણપત્ર

**By Email**

ક્રમાંકઃપ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૪/૧૯૭૦-૨૦૨૨

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.12/1, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તાઃ- ૦૬/૧૧/૨૦૨૪

પ્રતિ,

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ (અરવલ્લી સિવાય)
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- વધ પરત કેમ્પ અને ત્યારબાદના શિક્ષકોના બદલી કેમ્પ બાબત.

સંદર્ભઃ- ૧.શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંકઃ- પીઆરઈ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક(ભાગ-૧), તાઃ- ૧૧/૦૫/૨૩.
૨. શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંકઃ- પીઆરઈ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક(ભાગ-૧), તાઃ- ૦૮/૦૮/૨૪.
૩. શિક્ષણ વિભાગના પત્રક્રમાંકઃ- પીઆરઈ/૧૨૨૦૨૪/e-૨૭૯૮/ક, તાઃ- ૨૯/૧૦/૨૦૨૪.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, શિક્ષણ વિભાગ દ્વારા સંદર્ભ-૧ના ઠરાવથી રાજયની સરકારી પ્રાથમિક શાળાઓમાં કાર્યરત પ્રાથમિક શિક્ષકોના બદલી નિયમો પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.જેમાં સંદર્ભ-૨ થી પ્રસિધ્ધ સુધારા ઠરાવથી શૈક્ષણિક સત્રમાં વધ ઘટ કેમ્પ થાય તે સત્રાંતે નિવૃતિ/વયનિવૃતિથી કે કોઇ પણ કારણોસર ખાલી પડેલ જગ્યા પર પહેલાં વધ પરત કેમ્પ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગ દ્વારા સંદર્ભ-૩ ના પત્રથી વિધાસહાયક ભરતીને સમાંતર જિલ્લા ફેર બદલી (ઓફલાઇન/ઓનલાઇન) કેમ્પનું આયોજન કરવા સુચના આપેલ છે. જે અન્વયે અત્રેની કચેરી દ્વારા આપવામાં આવેલ સુચના અન્વયે તાઃ- ૦૬/૧૧/૨૦૨૪ ના રોજ વિડિયો કોન્ફરન્સ આયોજિત કરી વિધાસહાયક ભરતીને સમાંતર જિલ્લા ફેર બદલી (ઓફલાઇન/ઓનલાઇન) કેમ્પ આયોજિત કરવા અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ છે. વિડિયો કોન્ફરન્સમાં કરવામાં આવેલ ચર્ચા મુજબ <u>તાઃ- ૧૧/૧૧/૨૦૨૪ ના રોજ વધ પરત કેમ્પ</u> આયોજિત કરવા સુચના આપવામાં આવે છે.

તેમજ સંદર્ભ-૧ અને ૨ ના ઠરાવથી પ્રસિધ્ધ બદલી નિયમોમાં કરવામાં આવેલ જોગવાઇ મુજબ જિલ્લા આંતરિક બદલી અંગેની કાર્યવાહી પૂર્ણ થયેલ હોઇ ત્યારબાદ જિલ્લા વિભાજન /જિલ્લા ફેર બદલી કેમ્પ આયોજિત કરવાના થાય. જે અન્વયે આજ રોજ આયોજિત વિડિયો કોન્ફરન્સમાં કરવામાં આવેલ ચર્ચા મુજબ જે જિલ્લાઓમાં વિભાગ/વિષય મુજબ જિલ્લા ફેર બદલી માટેની પ્રતિક્ષા યાદી પૂર્ણ થયેલ નથી તેવા તમામ જિલ્લાઓમાં જિલ્લા ફેર બદલી કેમ્પ આયોજિત કરવા માટે જિલ્લા કક્ષાએ પડતર પ્રતિક્ષા યાદીના શિક્ષકોની <u>કામચલાઉ પ્રવરતા યાદી</u> સંબંધિત તમામ શિક્ષકો સુધી પહોંચે તે આપની કક્ષાએથી સુનિશ્ચિત કરી <u>તાઃ- ૦૯/૧૧/૨૦૨૪ સુધીમાં પ્રસિધ્ધ કરવાની</u> રહેશે. તેમજ કામચલાઉ યાદી પ્રસિધ્ધ થયા બાદ જો તેમાં કોઇ સુધારા કે ફેરફાર હોય તો તે ફેરફાર કરવા માટે સંબંધિત શિક્ષકો દ્વારા આપને રજુ કરેલ સુધારાની વિગતો મુજબ કામચલાઉ યાદીમાં સુધારા કરી <u>આખરી પ્રવરતા યાદી</u> <u>તાઃ- ૧૨/૧૧/૨૦૨૪ સુધીમાં</u> તૈયાર થાય તે માટે જરૂરી આનુષાંગિક કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવે છે.

નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા. ગાંધીનગર